# બેગમવાડીની હરિઓમ માર્કેટની દુકાનને બારોબાર બીજી વ્યક્તિને વેચી દેવાઇ

**બે માલિકોએ** ભાડુઆતની પાસે ભાડું માંગતાં ભાડુઆત પોતે અચંબામાં પડ્યો અને ઘટના બહાર આવી

સુરત : એમ્બ્રોઇડરીના વેપારીએ ધંધામાં નુકસાન થતા પોતાની દુકાન બે વ્યક્તિને વેચી દઇને તેઓને વેચાણ કરાર કરી આપ્યા હતા, આ ઉપરાંત પોતે પણ અન્ય વેપારીને ત્યાં નોકરી ઉપર લાગી ગયો હતો. દુકાનના બે માલિકોએ ભાડુઆત પાસે ભાડુ માંગતા સમગ્ર ઘટના બહાર આવી હતી.

પાલનપુર પાટીયા હાઉસીંગ બોર્ડમાં રહેતા હરેશકુમાર ગુરૂમુખદાસ નેભનાણી કાપડનો વેપાર કરે છે. તેઓએ રામનગરના સિંધુવાડી પાસે રહેતા દેવાનંદ સંતકુમાર બચ્ચાણી પાસેથી રિંગરોડ બેગમવાડીમાં હરીઓમ માર્કેટમાં આવેલી દુકાન નં. 4057 ખરીદ કરી હતી. આ મિલકત પેટે હરેશભાઇએ રૂા.10 લાખ આપી દીધા હતા. આ દુકાનમાં પહેલાથી જ એક વેપારીએ દુકાન ભાડે લઇને વેપાર કરતો હતો. ત્યાં દેવાનંદએ આ દુકાન પુનમબેન દિનેશભાઇ છાબડાને પણ વેચી દીધી હતી અને તેની પાસેથી પણ રૂપિયા લઇને વેચાણ સહિતનો કરાર બનાવી આપ્યો હતો. પુનમબેન તેમજ હરેશકુમાર બંનેએ ભાડુઆતો પાસેથી ભાડુ માંગ્યું હતું, ત્યારે ભાડુઆત પોતે અચંબામાં પડ્યો હતો અને ભાડુ કોને આપવું તેને લઇને માથાકૂટ થતા સમગ્ર ઘટના બહાર આવી હતી. આ મામલે હરેશભાઇએ દેવાનંદને કહીને પોતાના રૂપિયા પરત માંગ્યા હતા. પરંતુ દેવાનંદએ રૂપિયા આપ્યા ન હતા. આ મામલે હરેશકુમારે સલાબતપુરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી દેવાનંદની ધરપકડ કરી હતી. બનાવ અંગે સલાબતપુરા પોલીસના જણાવ્યા પ્રમાણે દેવાનંદ ભૂતકાળમાં એમ્બ્રોઇડરી કાપડનો વેપાર કરતો હતો. ધંધામાં નુકસાન આવતા તેને પોતાની માલિકીની દુકાન હરેશકુમાર તેમજ પુનમબેનને વેચી દીધી હતી. આ ઉપરાંત દેવાનંદ પહેલા વેપાર કરતો હતો ત્યાં જ હવે નોકરી ઉપર લાગી ગયો હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

# અમરોલીમાં ગણેશમણી એપાર્ટમેન્ટના ફ્લેટમાં કુટણખાનું ઝડપાયું

**પોલીસે** રેઈડ કરી ફ્લેટની માલિક મહિલા, મેનેજર યુવતી અને એક ગ્રાહક સામે ફરિયાદ નોંધી

સુરતઃ શહેરના અમરોલી ખાતે આવેલી ગણેશમણી એપાર્ટમેન્ટના ફ્લેટમાં ચાલતું કુટણખાનું પોલીસે પકડી પાડ્યું હતું. પોલીસે ફ્લેટની મહિલા માલિક, મેનેજર યુવતી અને એક ગ્રાહકને ઝડપી પાડી તેમની સામે ફરિયાદ દાખલ કરી હતી.

અમરોલી પોલીસને અમરોલી માધવબાગ સ્કુલ સામે સત્તાધાર સોસાયટીમાં ગણેશમણી એપાર્ટમેન્ટમાં કુટણખાનું ચાલતુ હોવાની બાતમી મળી હતી. પોલીસે બાતમીના આધારે ડમી ગ્રાહક મોકલી ત્યાં રેડ કરી હતી. પોલીસને સ્થળ પર ત્રણ મહિલા મળી આવી હતી. પોલીસે તેમના નામ અંગે તથા પુછપરછ કરતા મકાન જયાબેન સમાધાન બાવીસ્કર (ઉ.વ.38) નું હોવાનું જણાવ્યું હતું. તેને રોશની ઉર્ફે ચાંદની રવિ કોલતે (ઉ.વ.22, રહે.એસએમસી આવાસ, અડાજણ) ને મેનેજર તરીકે નોકરી પર રાખી હતી. રેઈડ દરમિયાન પોલીસે આવેલા ગ્રાહક સુધીર ઓધવજી દિયોરા (ઉ.વ.41, રહે.સિદ્ધિવિનાયક સોસાયટી, કતારગામ) ને પણ પકડી પાડ્યો હતો. રોશનીને 6 હજાર પગાર આપવામાં આવતો હતો. પોલીસે સ્થળ પરથી 15 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અમરોલી પોલીસે આ અંગે ફરિયાદ નોંધી વધારે તપાસ હાથ ધરી છે.

## એકસાથે બે જણા પહેરી શકે અને વાહન ઢંકાઇ તેવો રેઇન કોટ



એકસાથે બે જણા વાહન ઉપર બેસીને રેઇનકોટ પહેરી શકે અને વાહન પણ ઢંકાઇ જાય તેવા અનોખા રેઇન કોટ આ વર્ષે માર્કેટમાં આવ્યા છે. (તસવીર : હેમંત ડેરે)

# રેલવે સ્ટેશન પાર્સલ ઓફિસ પાસેથી મુંબઇ એરપોર્ટ ઉપર લોડિંગનું કામ કરતા 3 વિદેશી દારૂ સાથે ઝડપાયા

**સુરત રેલવે** લોકલ ક્રાઇમ બ્રાંચ અને વડોદરા જીઆરપી યુનિટે વોચ ગોઠવી હતી

સુરતઃ મુંબઇ એરપોર્ટ ઉપર લોડિંગનું કામ કરતા ત્રણ યુવકને સુરત અને વડોદરા રેલવે પોલીસે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 ઉપર આવેલી પાર્સલ ઓફિસ પાસેથી વિદેશી દારૂની 36 બોટલ સાથે ઝડપી પાડ્યા હતા. 62 હજારનો દારૂ અને મોબાઇલ ફોન મળી પોલીસે કુલ રૂ.90 હજારની મત્તા કબજે કરી હતી.

પશ્ચિમ રેલવે લોકલ ક્રાઇમ બ્રાંચ સુરત તેમજ વડોદરા યુનિટ દ્વારા દારૂની હેરાફેરી અટકાવવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન એલસીબી રેલવેના હેડ કોન્સ્ટેબલ મહેન્દ્ર સુરજી અને એએસઆઇ મહેશ બાંગેશભાઇને મળેલી બાતમીના આધારે રેલવે સ્ટેશન પ્લેટ ફોર્મ નં.1 પાર્સલ ઓફિસ પાસેથી અનીશ મદન ઝા (રહે., ગવિયર ગામ, ડુમસ રોડ), વિલાસ અરવિંદ પટેલ (રહે.,બેલસન થાના, બેલસેન, સીતામઢી, બિહાર) અને શની રાજેન્દ્ર પ્રસાદ કનોજિયા (રહે.,મગદલ્લા, ડુમસ રોડ)ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ રૂ.62 હજારની કિંમતની 36 દારૂની બોટલો મળી આવી હતી. ત્રણેયની પૂછપરછ કરતાં તેઓ મુંબઇ એરપોર્ટ ઉપર લોડિંગનું કામ કરતા હોવાનું જણાવ્યું હતું.

# કેનેડા-ગુજરાત વચ્ચે શિક્ષણ અને ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્રમાં સહભાગીતા અંગે પરામર્શ થયો

**ભૂપેન્દ્ર** પટેલ તથા કેનેડાના કોન્સ્યુલ જનરલ વચ્ચે ગાંધીનગરમાં મહત્ત્વની બેઠક

ગાંધીનગર : આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેનેડાના મુંબઇ સ્થિત કોન્સ્યુલ જનરલ સુશ્રી દિરાહ કેલી વચ્ચે મહત્વની બેઠક યોજાઈ હતી. કેનેડા-ભારત અને ગુજરાત વચ્ચેના પરસ્પર ઉષ્માપૂર્ણ સંબંધો અને ખાસ કરીને શિક્ષણ, ઔદ્યોગિક રોકાણો તેમજ ગ્રીન એન્વાયરમેન્ટ, કલીનટેક જેવા વિષયોમાં સહભાગીતાની તકો વિશે આ બેઠકમાં ફળદાયી પરામર્શ તેમણે કર્યો હતો.

મુખ્યમંત્રી પટેલ સાથેની વાતચીતમાં કોન્સ્યુલ જનરલ સુશ્રી કેલીએ જણાવ્યું હતું કે કેનેડાએ ઓટોમોટિવ, કલીન ટેક-રિન્યુએબલ એનર્જી, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રકચર, લાઇફ સાયન્સીસ જેવા સેક્ટર્સમાં બહુવિધ તકો પર ધ્યાન કેન્દ્રીત કરીને અમદાવાદમાં એક ટ્રેડ કમિશનર સર્વિસ ઓફિસ શરૂ કરી છે તેને રાજ્ય સરકાર દ્વારા મળી રહેલા સહયોગની તેમણે પ્રસંશા કરી હતી.

ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ માટે જાય છે તેનો પણ તેમણે વિશેષ ઉલ્લેખ આ મુલાકાત બેઠક દરમિયાન કર્યો હતો

મુખ્યમંત્રી પટેલે આ તકે જણાવ્યું હતું કે, ભારતના ફાયનાન્સિયલ અને ટેક્નોલોજી ગેટ-વે અને વિશ્વકક્ષાની માળખાકીય સુવિધા ધરાવતાં ગિફ્ટ સિટીમાં કેનેડાની ફાયનાન્સિયલ સંસ્થાઓ, ફિનટેક કંપનીઓ અને કેનેડીયન પેન્શન ફંડ માટે વિશાળ તકો રહેલી છે

તેમણે કેનેડાની આ ક્ષેત્રની સંસ્થાઓને ગિફ્ટ સિટીમાં રોકાણ કરવા આગળ આવવા માટે આમંત્રણ પણ પાઠવ્યું હતું એટલું જ નહિ, કેનેડીયન કંપનીઓને કલીન એનર્જી, ગ્રીન મોબિલીટી, ઉપરાંત ગ્રીન એનર્જી માટે સોલાર, વીન્ડ, ગ્રીડ ઈન્ટીગ્રેશન અને ગ્રીન હાઇડ્રોજન ટેક્નોલોજી વગેરેમાં સંશોધન તેમજ નવિનતા માટે ગુજરાતમાં રોકાણની તકો અંગે પણ સંભાવનાઓ ચકાસવા મુખ્યમંત્રીએ આ બેઠકમાં સૂચન કર્યુ હતું. કેનેડાના ઉદ્યોગોની વેસ્ટ વોટર મેનેજમેન્ટ ટેક્નોલોજી અને સ્લમ એરિયામાં રિસાયકલ્ડ વોટરના પ્રોજેક્ટ વિશેની જાણકારી પણ કેનેડાના કોન્સ્યુલ જનરલે આ બેઠકમાં આપી હતી.

# માંડવીમાં ફિયાન્સની સાથે જતી યુવતીનું અપહરણ કરનારો પરિણીત પ્રેમી નીકળ્યો

**મુખ્ય** આરોપી સહિત 9 સાગરીત મળી 10ને જેલભેગા કરાયા

માંડવીઃ માંડવીના રઘીપુરા ગામે રહેતા યુવકની કારને આંતરી માર મારી તેની ફિયાન્સીનું 10 શખ્સ અપહરણ કરી ગયાની ફરિયાદ માંડવી પોલીસ સ્ટેશનમાં નોંધાતાં પોલીસે ગણતરીના કલાકોમાં જ યુવતીને બચાવી મુખ્ય આરોપી સહિત અન્ય પાંચ આરોપીને ગત મોડી સાંજે ઝડપી પાડ્યા હતા. જ્યારે બુધવારે અન્ય ચાર સાગરીતો મળી કુલ 10 આરોપીને જેલભેગા કર્યા હતા. આ અપહરણ કેસમાં પ્રેમિકાએ અન્ય યુવક સાથે સગાઈ કરી લેતાં એ અદાવતમાં પરિણીત પ્રેમીએ તેના 9 સાગરીત સાથે મળી ફિયાન્સીનું અપહરણ કર્યુ હોવાનું કારણ બહાર આવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ માંડવીના રઘીપુરા ગામે રહેતા અને ખેતી કરતા હેમંત ઉર્ફે મુન્ના ગુરજી ચૌધરી (ઉ.વ.33) તેમની ક્રેટા ગાડી નં.(GJ-19 BA-7166)માં તા.21મીએ સવારે પોણા નવ વાગ્યે ફિયાન્સી સાથે બંને માંડવી ખાતે યુવા ઉપનિષદ એકેડમીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના કલાસ કરવા માટે આવવા નીકળ્યાં હતાં. એ વખતે રસ્તામાં માંડવીના મોરિઠા ગામના ગોડાઉન ફળિયામાં રહેતા મિતુલ ધનજી ચૌધરી કાર નં.(GJ-16-AJ-9780) લઈ તથા તેની સાથે બીજા 9 સાગરિત કાર અને બાઈક પર આવી તેમને ખોડાંબા ગામની સીમમાં વાંકલથી આંબાપારડી તરફ જતા રોડ ઉપર આવેલા પ્રવીણ ચૌધરીની નાસ્તાની દુકાન પાસે આંતર્યા હતા. મિતુલ અને તેના સાગરિતોએ સ્ટીલનો પાઇપ લઇ હેમંતની ગાડીની તોડફોડ કર્યા બાદ હેમંતને લાકડાના સપાટા માર્યા હતા તથા ફોન અને ગળામાં પહેરેલી ચેઈન લૂંટી લીધી હતી.

ત્યાર બાદ તેની ફિયાન્સીનો ફોન છીનવી લઈ માર મારી તેમની કારમાં ઉઠાવી ગયા હતા. માંડવી પોલીસે બપોરે 10 શખ્સ સામે અપહરણની ફરિયાદ નોંધી મોડી રાત્રે યુવતીને બચાવી આરોપી મિતુલ ચૌધરી સાથે તેના અન્ય પાંચ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. જ્યારે બુધવારે અન્ય ચાર આરોપીને ઝડપી પાડી જેલભેગા કર્યા હતા. પ્રેમિકાએ અન્ય યુવક સાથે સગાઈ કરી લેતાં અદાવત રાખી પરિણીત પ્રેમીએ 9 સાગરીત સાથે મળી ફિયાન્સીનું અપહરણ કર્યુ હોવાની વિગતો સાંપડી છે.

## વરસાદના વાતાવરણમાં વણેલાં ગાંઠિયાંની મજા



ચોમાસાની સિઝન શરૂ થાય એટલે સુરતીઓ ભજિયાં અને ખાજાની મજા માણતા હોય છે, ત્યારે સૌરાષ્ટ્રવાસીઓ વણેલાં ગાંઠિયાંની લહેજત માણે છે. સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં વણેલાં ગાંઠિયાંની ભારે બોલબાલા છે અને ચોમાસાની સિઝનમાં તો તે ખાવાનો આનંદ જ કંઇ અલગ હોય છે. (તસવીર : સતીષ જાદવ)

# દારૂ ભરેલી રિક્ષામાં આગ લાગતા ડ્રાઈવર રિક્ષા મૂકીને ભાગી ગયો

**આગના** પગલે તરકટ પકડાયું, પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી



તસવીર : સતીષ જાદવ

સુરત : કાપોદ્રા પોલીસ મથકની હદમાં આવેલા હીરાબાગ ખાતે આજે સવારે એક રિક્ષામાં આગ લાગી ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ ઉપર અફરાતફરી મચી ગઈ હતી. એટલું જ નહીં લોકોને આશ્ચર્ય ત્યારે થયું હતું. જ્યારે રિક્ષામાંથી દારૂની બોટલોનો જથ્થો નીકળ્યો હતો.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજે સવારે ૯.૫૮ કલાકે ફાયર કંટ્રોલ રૂમમાં કોલ મળ્યો હતો કે હીરાબાગથી અશ્વિનીકુમાર રોડ તરફ જતા રસ્તા પર એક રિક્ષામાં આગ લાગી છે. જેથી કાપોદ્રા અને કતારગામ ફાયર સ્ટેશનથી ફાયરનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ ઓલવવાની કવાયત શરૂ કરી હતી. વધુમાં ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે રિક્ષાની પાછળના ભાગે દારૂની બોટલો ભરેલી હતી. જ્યારે રિક્ષાનો ડ્રાઈવર ભાગી ગયો હતો. આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા મળ્યા નથી. રિક્ષામાં દારૂની બોટલો હોવાનું જાણવા મળતા રસ્તા ઉપર લોકોનું ટોળુ ભેગું થઇ ગયું હતું અને મોબાઈલમાં વિડીયો પણ ઉતારવા લાગ્યા હતા. જ્યારે ઘટના અંગે જાણ કરવામાં આવતા કાપોદ્રા પોલીસ પણ સ્થળ ઉપર આવી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે કંતાનની અંદર દારૂની બોટલો હતી જે કંતાન રિક્ષાની પાછળ એન્જીનના ભાગમાં છુપાવવામાં આવ્યુ હતુ. દારૂની કેટલીક બોટલો આગમાં બળી ગઈ હતી તેમજ બાકી પાણીના લીધે તૂટી ગઈ હતી. ૫૦થી ૬૦ જેટલી બોટલો અને રીક્ષા કબ્જે કરવાંમાં આવી છે તેમજ રીક્ષા નંબરના આધારે ડ્રાઇવરની તપાસ શરૂ પોલીસે શરૂ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નગર પ્રાથમિક સમિતિની શ્રી ઠક્કર બાપા પ્રાથમિક શાળાનું ગૌરવ



સુરત : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શ્રી ઠક્કર બાપા પ્રા. શાળા ક્રમાંક ૩૩૯ માં ૧ વિદ્યાર્થી રાજ્ય પરિક્ષા બોર્ડ દ્વારા લેવાતી શિષ્યવૃતિ માટેની NMMS પરિક્ષામાં પાસ થઈ મેરીટ માં સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. રુદ્ર રાજુ બોરખડે આ બાળક ને દર વર્ષ ૧૨૦૦૦ રૂપિયા શિષ્યવૃતી મળશે. તે બદલ શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

### 2021ની વસતી ગણતરી માટે એજન્સીને કામ સોંપવા શાસકોની મંજૂરી મંગાઇ

સુરતઃ દર દસ વર્ષે વસતી ગણતરી કરવામાં આવે છે જો કે 2011માં ગણતરી થયા બાદ 2021માં વસતી ગણતરી કરવાની હતી પરંતુ કોરોનાના કારણે થઇ શકી ના હોય, વિદ્યાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે સરકાર દ્વારા હવે કોરોનાના બે વર્ષથી અટકી પડેલી વસતી ગણતરીનું કામ પણ હાથ પર લેવાશે. સામાન્ય રીતે સુરત મનપાના માધ્યમથી વસતી ગણતરીનું જે કામ થાય છે તેમાં મનપાના કર્મચારીઓ તેમજ ટીચિંગ સ્ટાફને જોતરવામાં આવે છે પરંતુ વર્ષ 2021માં કોરોનાના કારણે નહીં થઇ શકેલી વસતી ગણતરીના કામમાં હવે ખાનગી એજન્સીને કામ સોંપવા માટે મનપાએ તૈયારી કરી છે. શાસકો સમક્ષ આ માટે સ્થાયી સમિતિ સમક્ષ મુકાયેલી દરખાસ્તમાં 66 ટેકનિકલ આસિસ્ટન્ટ અને 2 મલ્ટી ટાસ્કીંગ સ્ટાફને કોન્ટ્રાકટ ધોરણે મેળવવા મંજુરી મંગાઇ છે જેમાં એજન્સીઓ પાસેથી ઓફરો મંગાવાઇ હોય સૌથી ઓછી રૂા. 2.42 કરોડની ઓફર આપનાર એજન્સનું ટેન્ડર મંજુર કરવા દરખાસત મુકવામાં આવી છે.

### બેંક ઓફ મહારાષ્ટ્રએ વધુ ગ્રાહકોને બેંક સાથે જોડવા કાર્યક્રમ કર્યા

સુરતઃ બેંક ઓફ મહારાષ્ટ્ર વધુ ને વધુ ગ્રાહકોને જોડવા માટે કસ્ટમર કનેક્ટ અને આઉટ રિચ પ્રોગ્રામ હેઠળ વિવિધ કાર્યક્રમ આયોજિત કરી રહી છે. તેના ભાગરૂપે સુરત ઉપરાંત આણંદ અને વડોદરામાં વિવધ કાર્યક્રમ કરવામાં આવ્યા છે. બેંકના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર આશિષ પાંડેએ જણાવ્યું હતું કે, અમે વિચારીએ છે કે ભારત સરકારની વિવિધ સ્કીમ બાબતે બેંકની સેવા સાથે અવેરનેસ ફેલાવી વધુ ને વધુ લોકોને અમારી બેંક સાથે જોડીએ. જે લોકોને આત્મનિર્ભર બનાવશે.

### રવિવારે ફાધર્સ ડેના દિવસે પિતા-પુત્રએ તરણ સ્પર્ધા જીતી

સુરતઃ રવિવારે ફાધર્સ ડેના દિવસે લાલભાઈ સ્ટેડિયમ ખાતે યોજાયેલી તરણ સ્પર્ધામાં ઉંમર પ્રમાણે ઈનામો પ્રાપ્ત થયા છે. જેમાં બાપ - બેટાને ગિફ્ટ આપવામાં આવી હતી. પાર્થ ભાવસાર અને ભરત ભાવસાર જિયો રાષ્ટ્રીય કલા કેન્દ્રના સહમંત્રી ઉપરાંત સંગીત ક્ષેત્રે નાટક ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા યોજાયેલી આ તરણ સ્પર્ધામાં ૯૦ થી ૧૦૦ લોકોએ ભાગ લીધો હતો.

# કાપોદ્રામાં લગ્નના દોઢ વર્ષમાં જ પરિણીતાનો આપઘાત

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં રહેતી અને પ્રેમલગ્ન કરનાર પરિણીતાએ લગ્ન થયાના દોઢ વર્ષના સમયગાળામાં અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી લીધું હતું.

કાપોદ્રા સૂર્યકિરણ એપાર્ટમેન્ટમાં રહેતા જિગ્નેશ શાહ રત્નકલાકાર છે. તેમના લગ્ન દોઢ વર્ષ પહેલા પ્રિયા નામની યુવતી સાથે થયાં હતાં. દરમિયાન બુધવારે બપોરે ઘરે છતની હૂક સાથે સાડી બાંધી ફાંસો ખાઇ લીધો હતો. વધુમાં પોલીસના જણાવ્યા અનુસાર પ્રિયાએ કયા કારણસર આત્મહત્યા કરી તેનું કારણ જાણી શકાયું નથી. આ બનાવ અંગે વધુ તપાસ પોલીસ કરી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં આપઘાતના બનાવો સતત વધી રહ્યાં છે અને નાની નાની બાબતમાં લોકો આત્મહત્યા કરતાં અચકાંતા નથી

# સિનિયર સિટિઝન માટે 'સાદર નમન સુરક્ષા' અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**અડાજણમાં** ગાર્ડનમાં ગાંજો પી રહેલાં તત્ત્વોની માહિતી પોલીસ કમિશનરને આપતાં કાર્યવાહી થઈ હતી

**સિનિયર** સિટિઝન પોતાની સુરક્ષા સાથે પોલીસને પણ મદદરૂપ થઈ રહ્યા છે

સુરત : શહેર પોલીસ કમિશનરના સૂચનથી અડાજણ ખાતે સંજીવકુમાર ઓડોટોરીયમમાં અડાજણ પોલીસ દ્વારા સુરક્ષાસેતુ અંતર્ગત સુરત શહેર પોલીસ આયોજીત




સાદર નમન સિનીયર સીટીઝન સુરક્ષા અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં પદ્મશ્રી યઝદી કરંજીયા તથા દક્ષેશભાઈ ઠાકર અને સુરત શહેર પોલીસ દ્વારા આમંત્રિત કરાયેલા 800 સિનીયર સીટીઝનો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ કમિશ્નર અજયકુમાર તોમરે સીનીયર સીટીઝનોની સમસ્યાઓ ઉકેલવા સારૂ તથા તેમને મદદરૂપ થવાના ઉદ્દેશથી તથા પોતે પોતાની તંદુરસ્તી જાળવવા પ્રોત્સાહીત કર્યા હતા. અને પોલીસ સાથે મિત્રતા કેળવી પોલીસ સાથે રહી મદદરૂપ થવા સીનીયર સીટીઝનો સાથે ચર્ચા કરી હતી. થોડા દિવસ પહેલા અડાજણના એક ગાર્ડનમાં સવારે સિનીયર સીટીઝને ગાર્ડનમાં કેટલાક તત્વો ગાંજો પીતા હોવાની માહિતી પોલીસ કમિશનરને આપી હતી. જેના આધારે કમિશનરે કાર્યવાહી કરાવી હતી.

અજયકુમાર તોમરે જણાવ્યું હતું કે, સિનિયર સીટીઝન આખી જીંદગી મહેનત કરી નિવૃત્ત થાય છે. બાદમાં ઘણા પરિવારમાં તેમની દરકાર લેવાતી નથી. પોલીસ આવા સિનિયર સીટીઝન સાથે સંપર્કમાં રહીને તેમને મદદ કરી રહી છે. અને તેમને અલગ અલગ પ્રવૃત્તિમાં જોડવામાં આવી રહ્યા છે. જેથી તેઓ પોતાની સુરક્ષા સાથે પોલીસને પણ ઘણી રીતે મદદરૂપ થઈ રહ્યા છે.

### સિનિયર સિટિઝનોને સંગીતના સૂરોથી પ્રફુલ્લિત કરાયા

ત્યારબાદ યઝદીભાઇ કરંજીયા અને દક્ષેશભાઇ ઠાકરે સિનીયર સીટીઝનોને હળવી શૈલીમાં વક્તવ્ય રજુ કર્યા હતા. અને સિનીયર સીટીઝનના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. તેઓના સુચનો પણ મેળવવામાં આવ્યા હતા. અને ત્યારબાદ સુરત શહેરના રઝાક બેન્ડ દ્વારા સિનીયર સીટીઝનોને સંગીતના સુરોથી પ્રફુલ્લિત કરવામાં આવ્યા હતા.

# પૂણાગામમાં મોબાઈલની દુકાનમાંથી છ મોબાઈલ અને રોકડા 28 હજારની ચોરી

સુરત : પૂણાગામમાં આવેલી ખુશી મોબાઇલ નામની દુકાનમાંથી ચોરી થઈ હતી. મુળ અમરેલીના વતની અને સુરતમાં પૂણાગામ દિપમાલા સોસાયટીમાં રહેતા હિંમતભાઈ રામભાઈ મકવાણા ઘરની બાજુમાં જ ખુશી મોબાઇલના નામથી વેપાર કરે છે. તેમની દુકાનને તસ્કરોએ નિશાન બનાવીને રૂા. 67 હજારની કિંમતના છ મોબાઇલ તેમજ 28 હજાર રોકડા મળી કુલ્લે રૂા.95 હજારની ચોરી કરી હતી. સવારના સમયે હિંમતભાઈએ દુકાને જઈને જોયુ ત્યારે શટરનું લોક તૂટેલી હાલતમાં હતુ. હિંમતભાઈએ બનાવ અંગે પૂણા પોલીસને જાણ કરી હતી અને દુકાનની અંદર-બહાર લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં ત્રણ અજાણ્યા ઈસમો દેખાતા હતા. પોલીસે આ ત્રણેયની સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.